# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૧૦/૦૪/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૨૦૯ લીટર દેશી દારૂ, ૧ સ્કુટર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૪,૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૯૦/૨૦૨૫**

**સોલા હાઈકોર્ટઃ** હર્ષીતકુમાર સ/ઓ વિનોદચન્દ્ર શાહ (ઉ.વ.૪૨) (રહે. રોઝવુડ ટાવર જોધપુર ગામ સેટેલાઇટ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે હર્ષીતકુમાર શાહ નાઓ સોલા બી.આર.ટી.એસ.બ્રીજ પાસે સત્ય સુર્યા કોમ્પલેક્ષ સત્તાધાર ખાતે સોના મહોર જવેલર્સ નામની દુકાન ધરાવી સોના-ચાંદીનો વેપાર-ધંધો કરતા હોય, દુકાનમાં કામ માટે માણસની જરૂરીયાત હોય હર્ષીતકુમાર શાહએ દુકાનમાં નોકરી માટે સોશીયલ મીડીયામાં જાહેરાત મુકી હતી. જે જાહેરાત આધારે હર્ષ સોલંકી નામનો પુરૂષ ઈન્ટર્વ્યુમાં આવ્યો હતો અને નોકરી માટે હર્ષીતકુમાર શાહ એ તેની પસંદગી કરી હતી, તેથી હર્ષ સોલંકી નામનો પુરૂષ તા.૦૭/૦૪/૨૦૨૫ અને તા.૦૮/૦૪/૨૦૨૫ દિન-૨ હર્ષીતકુમાર શાહની દુકાને કામ અર્થે આવેલ હતો.

તા.૦૯/૦૪/૨૦૨૫ ના રોજ રાબેતા મુજબ હર્ષીતકુમાર શાહ દુકાનમાં દાગીનાનો સ્ટોક ચેક કરતા હતા ત્યારે સોનાની વિંટી નંગ-૫ કિમત રૂપિયા ૫,૧૨,૦૦૦/- તથા સોનાની લક્કી નંગ-૩ કિમત રૂપિયા ૭,૨૦,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૧૨,૩૨,૦૦૦/- જણાઈ આવેલ ના હોય, તેમજ નોકરી માટે પસંદગી કરેલ હર્ષ સોલંકી નામનો પુરૂષ દુકાન ખાતે નોકરી નહી આવતા તેને ફોન કરતા તેનો ફોન બંધ આવેલ, જેથી નોકરી રાખેલ હર્ષ સોલંકી નામનો પુરૂષ દુકાનમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૧૨,૩૨,૦૦૦/- ચોરી કરી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૯૧/૨૦૨૫**

**શહેરકોટડાઃ** શિવાભાઇ બીજલભાઇ પરમાર (ઉ.વ.૭૭) (રહે. ડાહ્યામાળીનો બગીચો વિભાગ-૨ અનિલ સ્ટાર્ચ રોડ સરસપુર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૫ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મણીલાલ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** (૧) આશિષ જબરસિંગ પરિહાર (ઉ.વ.૩૫) (રહે. કેવડાજીની ચાલી અર્બન હેલ્થ સેન્ટર પાસે ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૦૮/૦૪/૨૦૨૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી યોગેશકુમાર શામળભાઇ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** (૨) રેખાબહેન સુરેશભાઈ પાટીલ (ઉ.વ.૪૮) (રહે. ધરણીધર બંગલોઝ નવા નરોડા) તા.૦૫/૦૪/૨૦૨૫ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પૂજાપાઠ કરતા હતા ત્યારે દિવાની ઝાળ પહેરેલ કપડાને અડી જતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૪/૨૦૨૫ બપોરના ૩/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.કિશોરી ચલાવે છે.

**સરદારનગરઃ** મમતાબહેન વા/ઓ લલીત ટેકચંદ ભુરેજા (ઉ.વ.૩૫) (રહે. મારૂતી સૃષ્ટી ફ્લેટ પોસ્ટ ઓફીસ પાસે, "જી" વોર્ડ કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૪/૨૦૨૫ કલાક ૭/૩૦ થી ૧૧/૪૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.પી.સોનારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી